જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૨/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૮૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૬	૧	૧૧૭૩૭	૧૭૮૪૬	૧	૧૭૮૪૭
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૮૦૩	૫૦	૭૪૮૫૩	૭૫૯૧૫	૪૮	૭૫૯૬૩
કુલ		૯૧૩૯૭	૫૧	૯૧૪૪૮	૧૦૦૪૪૦	૪૯	૧૦૦૪૮૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૬	૪,૧૨,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૪૩	૩,૪૩,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૬ લીટર દેશી દારૂ, ૧૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૨ મોટર સાયકલ અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૮૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ મેહુલભાઈ નરસિંહભાઈ પટેલ (ઉ.વ.૩૭) (રહે. ગામ-ચોરીવાડ તાલુકો-ઇડર જી-સાબરકાંઠા) એ તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ સ્ટીલ ક્યુબ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપની ગોતા નિરમા યુનિવર્સીટી તેમજ ગોતા મેલડી એસ્ટેટ ખાતેથી શ્રીજી સ્ટીલ સપલાયર્સ નામની કંપની ખાતેથી શ્રીજી સ્ટીલ સપલાયર્સ નામની કંપનીના રાકેશભાઈ લાલજીભાઈ પટેલ (રહે. ડી/૫૦૨, વર્ટીસ પાર્ક, સોલા સાયન્સ સીટી રોડ, સોલા) લોખંડના ટી.એમ.ટી.બાર સળીયાનો માલ-સામાન કુલ કિમત રૂપિયા ૧,૦૯,૩૬,૩૨૨/- ખરીદ કરી તે પૈકી રૂપિયા ૪૬,૮૫,૩૫૩/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૬૨,૫૦,૯૬૯/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

સાબરમતીઃ ધ્રુવિલ જીતેન્દ્રભાઇ વ્યાસ (ઉ.વ.૩૨) (રહે. શ્રીદત રેસીડેન્સી બુટભવાની પાર્ટી પ્લોટ સામે ચેનપુર ન્યુ રાણીપ) એ તા.૧૫/૧૨/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૧ કલાક ૧૨/૪૫ થી તા.૨૧/૦૮/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૭૫૮૫૩૭૦૩૧ ના ધારકે ધ્રુવિલ વ્યાસને ફોન કરી એક્ષીસ બેંકના ક્રેડીટ કાર્ડ જેનો ક્રેડીટકાર્ડની લીમીટ વધારવાનુ તથા રોકડ ઉપાડવાની લીમીટ વધારવાનુ કહી વિશ્વાસમા લઇ પ્રોસેસ કરાવી ધ્રુવિલ વ્યાસના મોબાઇલ ફોનમાં આવેલ ઓ.ટી.પી.નંબર મેળવી લઈ ઇન્ટરનેટના માધ્યમથી ધ્રુવિલ વ્યાસના એક્ષીસ બેંકના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૨૪,૦૦૦/- ટ્રાન્જેક્શન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૬/૨૦૨૧**

મેઘાણીનગરઃ દિલિપસિંહ જસુજી વિહોલ (ઉ.વ.૪૦) (રહે. દિવ્યકલા સોસાયટી માળીનો કુવો એમ.એલ.એ.ક્વોટર્સની બાજુમાં મેઘાણીનગર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૪/૧૨/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની એંગલમા દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હરીસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.